ગુજરાતમિત્ર

# આસપાસ ચોપાસ

મંગળવાર
૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૧

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# ઓલપાડ તાલુકાનું મહમદપોર ગામ હવે બન્યું રાજનગર

ટાઉન ટોક

**ગુજરાતનું પહેલું ગામ હશે જે ગામનું નામ બદલાયું હોય ઓલપાડ થી 5 કિલોમીટર અને ઓલપાડ કિમ માર્ગ પર આવેલ અને દાંડી માર્ગને અડી ને આવેલું રાજનગરગામ તરીકે ઓળખાય છે આ ગામમાં મુખ્યત્વે ખેતી પશુપાલન વ્યવસાય સાથે સકરાયેલા છે. ગામમાં રાજપૂત સમાજ અને હળપતિ સમાજના લોકો વસવાત કરે છે . જ્યારે ગામના અનેક પરિવારો આજે વિદેશમાં રહે છે જો કે એક સમયનું મહમદપોરગામ આજે રાજનગર તરીકે ઓળખ ઊભી કરી છે મહમદપોરગામનું નામ બદલવા માટે ગામના આગેવાનો છેલ્લા 15 વર્ષથી અથાક મહેનત બાદ વર્ષ 2016 રાજનગર ગામ નું નામ રહ્યું છે જે લગભગ આખા ગુજરાતમાં પ્રથમ એવું ગામ હશે કે જે ગામનું નામ બદલાયું હોય. ગ્રામવાસીઓની સંવાદિતા અને એકરાગીતાને કારણે રાજનગરમાં ત્રીસ વર્ષથી ચૂંટણી થઈ નથી .અહીં સરપંચની પસંદગી થાય છે ચૂંટણી નહીં.ગામમાં 1140 જેટલી વસ્તી છે, ગ્રામજનો હળી મળી ને રહે છે.**





## ગામના આગેવાનો

દિલીપસિંહ પ્રભાતસિંહ રાઠોડ ( ટકારમાં ડેરી માજી ચેરમેન, કૈલાશ આશ્રમ ટ્રસ્ટ ,તેમજ કૈલાશ આશ્રમ ની જમીનના દાતા)
બળદેવસિંહ માધવસિંહ રાઠોડ ( ટકારમાં ડેરી , માજી પ્રમુખ)
જશવંતસિંહ હરિસિંહ ચૌહાણ (ટકારમાં, હાઈસ્કૂલ, માનદ મંત્રી) સહિતના અનેક આગેવાનો છે.જે ગામના વિકાસમાં આગળ આવ્યા છે.

## ગામનો પરિચય અને ગામનું નામ કઈ રીતે બદલાયું

મહમદપોરનું રાજનનગર કરવા માટે ગામના આગેવાનોએ વીસેક વર્ષથી સરકારી તંત્ર મા રજુઆત કરતા આવ્યા હતા જો કે કોઈ વિરોધ કે વિવાદ વિના સહજતાથી નામ બદલી શકાયું

ગામના વડીલ નારસિંહ ચંદ્રસિંહ રાઠોડે ગામનું નામ બદલવા માટે ની કાર્યવાહી શરૂ કરી હતી નારસિંહ રાઠોડે જણાવ્યું હતું કે પ્રથમ એક અરજી સુરત કલેક્ટરને આપીહતી પણ એમાં કશું થયું નહીં એટલે અમેં ગ્રામસભા બોલાવી એમાં ગામનું નામ બદલવાનો ઠરાવ કર્યો હતો જેમાં રાજનગર સર્વસંમતિ સંધાઈ હતી એ પછી તાલુકા પ.,જી.પ. મા ઠરાવ પસાર થયા ધારાસભ્ય , સાંસદો પાસે ભલામણ કરાવી અને પછી કલેક્ટર કચેરીમાં કાર્યવાહી કરી એ બાદ તો રાજ્ય અને કેન્દ્ર સરકારના પ્રતિનિધિત્વ એ અમારા ગામની મુલાકાત લીધી હતી

ગામના ઈતિહાસની જો વાત કરવામા આવે તો ગામના આગેવાન જસવંતસિંહ હરિસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે અમારા પૂર્વજો લગભગ 250 વર્ષ પહેલાં રાજસ્થાનના જોધપુરથી આવી ને અહીં વસેલા અહીં જ કેમ આવ્યા એના ચોક્કસ કારણો નથી મળતા આટલા વર્ષમાં અમારા ગામમાં એક પણ મુસ્લીમ પરિવાર વસવાટ નથી , ગામમાં એમના કોઈ મુસ્લિમ ધાર્મિક સ્થાનક કે જગ્યા નથી છતાં આ ગામનું નામ મહમદપોર કેમ છે એના કોઈ કારણો કે પુરાવા આજદિન સુધી નથી મળ્યા .

ઓલપાડ તાલુકાનું મંહમદપોર ગામ હવે રાજનગર તરીકે ઓળખાય છે 15 વર્ષની રજૂઆત અંતે રંગ લાવી હતી અત્યાર સુધીમાં કોઈ ગામનું નામ બદલાયું નથી પરંતુ ગામનું નામ મહમદપોરમાંથી રાજનગર થાય તે ઐતિહાસિક બન્યું છે.

ગુજરાતના સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં મથકથી માત્ર 5 કિલોમીટરના અંતરે સ્ટેટ હાઈવે 65 પર આવેલ ઓલપાડ - કીમ રોડ અને દાંડી હેરિટેજ માર્ગ 224 ને અડીને આવેલુ મહમદપોર ગામ આમતો સામાન્ય ગામ છે. આ ગામની વસ્તી 1141 જેટલા માણસોની છે જેમાં ક્ષત્રિય સમાજ અને હળપતિ જાતિના હિન્દુ લોકો રહે છે. પણ આ ગામના લોકો ગામના નામથી મુશ્કેલીનો સામનો કરતાં હતા કેમકે આખું ગામ હિન્દુ હોવા છતા ગામનું નામ મહમદપોર એટલે કે મુસ્લિમ નામ સાથે સંકરાયેલું હોવાથી ગામના દીકરી - દીકરાના લગ્નના અવરોધ આવતા હતા આથી ગામનું નામ બદલવા ગામના ગ્રામજનો દ્વારા છેલ્લા 15 વરસથી તાલુકાથી લઈ મુખ્યમંત્રી સુધી રજૂઆત કરી હતી. પરંતુ લાંબા વર્ષ બાદ મહમદપોરગામનું નામ ગ્રામજનોની વર્ષોની રજૂઆત બાદ સરકારે ગામનું નામ બદલી રાજનગર કરવામાં આવ્યું છે.

ઓલપાડ તાલુકાના મહમદપોર ગામમાં વડીલોની વાત માનીએ તો 250 વર્ષ થી વધુ વર્ષો પહેલા રાજસ્થાનથી આવેલા લોકો અહી પડાવ નાખી કાયમી વસવાટ કર્યો હતો અને ત્યારથી આ ગામનું નામ મહમદપોર ના નામે ચાલી આવેલું એવું પણ મનાય છે પરંતુ સમયની સાથે આ ગામમાં માત્ર હિન્દુ જાતિના લોકો રહે છે પણ ગામનું નામ મુસ્લિમ નામ સાથે સરખાતું હોવાથી ગામના લોકો મુશ્કેલીમાં મુકાયા હતા કેમકે આ ગામ ઓલપાડ - કીમના મુખ્ય માર્ગને અડીને આવેલું ગામ છે જો કોઈ સાધુ સંતો રોડ પરથી પસાર થાય તો ગામનું બોર્ડ જોઈને ગામમાં પ્રવેશતા નથી જ્યારે દીકરી કે દીકરાના સગપણ સમયે મોટી સમસ્યા ઊભી થાય છે.

આથી ગ્રામજનો ભેગા થઈ ગામનું નામ બદલવા અરજીનો દોર શરૂ કરી ગામનું નામ બદલી રાજનગર કરવા માંગ કરી હતી અને ત્યારબાદ ગ્રામ પંચાયતમાં સામાન્યસભાએ ગ્રામસભામાં ઠરાવ કરવામાં આવ્યા વર્ષ 2007 થી ટીડીઓ, ડીડીઓ, જિલ્લા કલેક્ટરને પણ લેખિત રજૂઆત કરવાની ગ્રામજનોએ શરૂઆત કરી હતી.

પત્રવ્યવહાર ચાલુ હતો પરંતુ ગામનું નામ બદલાતું ન હતું. આ દરમ્યાન ધારાસભ્યએ પણ જિલ્લા કલેક્ટર સાથે સંકલનની બેઠકમાં આ મુદ્દો ચલાવ્યો હતો. અને જે તે સમયે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ગામના નામ બદલવા માટે પુરાવા સાથે રજૂઆત કરી હતી અંતે રાજ્ય સરકાર દ્વારા મહમદપોરગામનું નામ બદલીને રાજનગર કરવાની જે માંગ કરી હતી જે માંગ સંતોષતા ગ્રામજનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

ગામ જે પહેલા મહમદપોરથી ઓળખાતું હતું અને છેલ્લા 15 થી વધુ વર્ષ પહેલા ગામના ન્હારસિંહ ચંદ્રસિંહ રાઠોડને વિચાર આવ્યો હતો અને ગામના ન્હારસિંહએ છેલ્લા ઘણા વર્ષથી પ્રયત્ન કરતાં હતા અને ગામના ગેમલસિંહ રાઠોડ સહિત અન્ય વડીલોને લઈ આ કામની સફળતા મળી છે અત્યાર સુધીમાં કોઈ ગામનું નામ બદલાયું નથી પરંતુ ગામનું નામ મહમદપોરમાંથી રાજનગર થાય તે ઐતિહાસિક બન્યું છે.

ગામનું નામ બદ્લ્વામાં જેમનો સિહ ફાળો રહ્યો હોય તે ન્હારસિંહ રાઠોડની મહેનત રંગ લાવી હતી. ન્હારસિંહ રાઠોડે જણાવ્યુ હતું કે જે 15 વર્ષથી ગામનું નામ બદલવાની કામગીરી માટે જે બીડુ લીધું હતું અને વિવિધ સરકારી કચેરીઓમાં વારંવારની રજૂઆત કરી હતી અને જ્યારે ઘણા વર્ષો બાદ જ્યારે અમારી આ રજૂઆત ફરી છે અને ગામનું નામ બદલાયું છે .

ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગામના ન્હારસિંહ રાઠોડ અને ગેમલસિંહ રાઠોડ આ બંનેની મહેનત રંગ લાવી છે કેમકે આ બંને વ્યક્તિઓ અવારનવાર સરકારી







ન્હારસિંહ રાઠોડ

કચેરીઓમાં રજૂઆત કરી હતી અને અમને તેમનું પરિણામ જોવા મળ્યું છે. ગામનું નામ બદલાયું છે

ગામનું નામ બદલાય પછી રાજસ્થાનમા કુળદેવી નાગણેચી દેવીના મંદિરે માનતા પુરી કરી હતી.

જીતેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું કે અમારાગામનું નામ બદલાયા પછી રાજસ્થાન ખાતે મા કુળદેવી નાગણેચી દેવીના મંદિરે માનતા પુરી કરવા ગામના લોકો સામુહિક રીતે ગયા હતા અને માતાજીના દર્શન કર્યા હતા.

## ગામમાં 1 થી 8 સુધીની પ્રાથમિક શાળા , 100 ટકા હાજરીને લઈ શાળાએ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો



ગામમા આવેલી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળામાં ધોરણ 1 થી 8 મા 96 વિધાર્થીઓ અભ્યાસ કરે છે. શિક્ષકો દ્વારા વિધાર્થીઓને સારું એવું શિક્ષણ કાર્ય પૂરું પાડવામાં આવી રહ્યુ છે , શાળાના બાળકોની પણ શિક્ષકો દ્વારા ખાસ કાળજી લેવામાં આવી રહી છે . શાળાના મુખ્ય શિક્ષક જતિનભાઈએ જણાવ્યું હતું કે અમારી શાળાનાબાળકોની 100 ટકા હાજરીને ધ્યાનમાં લઈ બાળ આયોગ દ્વારા રાજનગર પ્રા.શાળાને એવોર્ડ



## રાજનગરમાં આવેલા વિવિધ ફળીયા

**રાજનગરગામમાં આવેલા વિવિધ ફળિયાના નામ હવેલી ફળિયું , કુબેર ફળિયું, નિશાળ ફળિયું, ખળી ફળિયું, 17 ગાળા હળપતિવાસ ફળિયું, 40 ગાળા હળપતિવાસ .**

## રાજનગરના ગામનો વિકાસ

ગામના સરપંચ અમિષાબેન જીતેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું કે ગામમાં પણ સરકારની વિવિધ યોજનાઓ થકી પેવરબ્લેક રોડ રસ્તાઓ, નવું પંચાયત ઘર , ગટર લાઈન , તળાવનું પ્રોટેકશન વોલ, તમામ ફળિયામાં સ્ટ્રીટ લાઇટની સુવિધા, હળપતિ આવાસોનું નિર્માણ સહિતના વિકાસના કામો થયા છે .

## ગામનો મુખ્ય વ્યવસાય ખેતી સાથે પશુપાલન છે

રાજનગરગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. સુરત જિલ્લામાં વિવિધ સુગરો આવેલી હોય મોટા ભાગના ખેડૂતો શેરડીનો પાક લેય છે તેમજ ઓલપાડ તાલુકામા સહકારી મંડળીઓ પણ હોય ચોમાસુ અને ઉનાળુ ડાંગરનો પાક લેતા આવ્યા છે જ્યારે હળપતિ સમાજના લોકો ખેત મજૂરી સાથે જોડાયેલા છે તો કેટલાક લોકો નોકરી ,ધંધા અર્થે જોડાયેલા હોય અવર જવર કરતા હોય છે. ગામમા ઘણા શિક્ષિત. લોકો છે જે આજે ઉચ્ચ પોસ્ટ પર નોકરી કરી રહયા છે .



## અજયસિંહ હરિસિંહ રાઠોડ ગામ માટે ગૌરવ

આજે રાજ્યના વિવિધ તાલુકામાંથી કેટલાક યુવાનો દેશ સેવા માટે આર્મીમાં જોડાઈ રહયા છે ત્યારે રાજનગર ગામના અજયસિંહ હરિસિંહ રાઠોડ છેલ્લા 14 વર્ષથી આર્મીમાં ફરજ બજાવે છે અને હાલ તેઓ ભારતીય લશ્કરમાં પંજાબ ખાતે આવેલ પટિયાલામાં સેવા બજાવી રહયા છે જે ગામ માટે ગૌરવ ની બાબત છે.

## ગામમા ઉપલબ્ધ સુવિધાઓ

ઘર દીઠ નળ કનેક્શન, વીજ જોડાણ, આર.ઓ. પ્લાટ, કૂવો 1, આંગણવાડી , પ્રાથમિક શાળા, પાણીની ટાંકી (50,000 લીટર)

## મહમદપોર થી રાજનગર થતા ઉત્સવ મનાવવામાં આવ્યો હતો

ઓલપાડ તાલુકાનું જે ગામ સદીઓથી મહમદપોર તરીકે ઓળખાતું હતું એનું નવું નામકરણ થયું છે, રાજનગર નામ બદલાયાની ઘડીએ ગામલોકો દ્વારા ગામમાં ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી આનંદ ઉત્સાહ મનાવ્યો હતો એવું પણ ગ્રામજનોએ જણાવ્યું હતું.

## રાજનગરગામના ચાર સ્વાતંત્ર સેનાનીઓના નામ



સ્વ. મગનસિંહ નાથુસિંહ રાઠોડ



સ્વ. ડાહ્યાભાઈ દાજીભાઈ રાઠોડ



સ્વ. ગણપતસિંહ ગુલાબસિંહ રાઠોડ



સ્વ. કુબેરસિંહ ખુશાલસિંહ રાઠોડ

## કૈલાસ આશ્રમ પણ આસ્થાનું પ્રતીક છે

ગામના પ્રવેશ દ્વાર પર કૈલાશ આશ્રમ આવેલો છે આ આશ્રમ માટે ગામના દિલીપસિંહ પ્રભાતસિંહે 18 ગૂંથા જમીન દાનમાં આપી હતી ત્યારબાદ 1984 માં આ જમીન ઉપર સ્વામી શ્રી કૈલાષાનંદ સ્વામીએ કૈલાશ આશ્રમની સ્થાપના કરી હતી અને અહીં દર વર્ષે ગુરુપૂર્ણિમા તેમજ પૂર્ણયતિથિઅને ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવે જે જેમાં આજુબાજુના ગામોમાંથી પણ લોકો દર્શનાર્થે આવે છે.

## ગામમાં ખેતી માટેની પિયત મંડળી આવેલી છે

ગામમાં આવેલ ખેતીની જમીનોમાં નહેરમાંથી આવતા પાણીથી સિંચાઈ સુવ્યવસ્થિત રીતે થાય તે માટે ગ્રામજનો દ્વારા પિયત મંડળીની સ્થાપના કરવામાં આવી છે . જશવતસિંહ અભેસિંહ રાઠોડ આ મંડળીના પ્રમુખ તરીકે કાર્યરત છે.

## ગ્રાહક સહકારી ભંડાર

ગામમાં જ ખેડૂતોને ખેતી માટે ખાતર , દવા મળી રહે તે માટે ગામમાં ગ્રાહક સહકારી ભંડાર ની સ્થાપના કરવામાં





આવી હતી જેમાં ખેડૂતોને રાસાયણિક ખાતર, તેમજ જંતુનાશક દવાઓ વગેરે ઉપલબ્ધ કરાવે છે .જેના જશવંતસિંહ હરિસિંહ ચૌહાણ પ્રમુખ તરીકે કાર્યરત છે.

## ગામમાં વિવિધ મંદિરો જે આસ્થાનું પ્રતીક ધરાવે છે

ગામમાં ત્રણથી વધુ મંદિર આવેલા છે આ મંદિરો ગ્રામજનો માટે આસ્થાનું પ્રતીક છે. જેમાં નાગણેશ્વરી માતાનું મંદિર પણ છે જેને રાજપૂત સમાજના લોકોની કુળ દેવી માનવામાં આવે છે , તેમજ ગામમાં મોક્ષેશ્વર મહાદેવ મંદિર , તેમજ ભાથીજી દાદાનું મંદિર આવેલું છે.

## રાજનગર ગ્રામપંચાયત સભ્યોના નામ



સરપંચ
અમિષાબેન
જીતેન્દ્રસિંહ રાઠોડ

**ઉપસરપંચ:બાલુભાઈ છનાભાઈ રાઠોડ**
**તલાટીકમ મંત્રી : નીરવ પારેખ**
**સભ્ય : મહેશસિંહ પ્રભાતસિંહ રાઠોડ**
**સભ્ય : શીતલબેન તુષારસિંહ રાઠોડ**
**સભ્ય. : લતાબેન જશવંતસિંહ રાઠોડ**
**સભ્ય : રેખાબેન બકીમભાઈ રાઠોડ**
**સભ્ય : યોગેશભાઈ સુભાષભાઈ રાઠોડ**
**સભ્ય : નીતાબેન શૈલેષભાઈ રાઠોડ**

## રાજનગરના 30 જેટલા પરિવારો વિદેશમાં સ્થાઇ છે

વાત કરીએ તો રાજનગરનાગામના 30 થી વધુ પરિવાર ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, સહિતના વિદેશોમાં સ્થાયી થયેલા છે. જેઓ દ્વારા પણ ગામના વિકાસના મહત્વનો ફાળો રહ્યો છે .